GJSR140020492022

Presented on : 07-12-2022
Registered on : 07-12-2022
Decided on : 03-10-2024
Duration : 1 years, 9 months, 27 days

**IN THE COURT OF**
**JUDGE, LABOUR COURT AT ,SURAT**
**Presided Over by G.J.THORIA**

**REFER T LC/197/2022**

**Exhibit No.: 10**

**પ્રથમ પક્ષકાર :** મેનેજર/પ્રોપરાઈટર/માલીકશ્રી/ભાગીદારશ્રી/
અશોકભાઈ શેઠ
ઠે.૨૨,૨૩, માધવ ઈન્ડસ્ટ્રીયલ ઈસ્ટેટે, દેવાલ ગામ પંચાયતની
પાછળ, સાયણ રોડ, તાલુકા–ઓલપાડ, જી.સુરત

**વિરુધ્ધ**

**બીજા પક્ષકાર :** કૈલાશ શીવનારાયણ પટેલ
રહે.૧૫૧, શીવદર્શન સોસાયટી, સીવણ ગામ,
તાલુકા–ઓલપાડ, સુરત

**હાજર રહયા :** પ્રથમ પક્ષકાર તરફે કોઈ નથી.
બીજા પક્ષકાર તરફે વિ. પ્રતિનિધિશ્રી પિતાંબર ત્રીનાથ પ્રધાન

**–:: એવોર્ડ::–**

(૧) હાલના રેફરન્સના કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકાર અને અનુક્રમે ''**સામાવાળા**'' અને '' **અરજદાર**''

તરીકે સંબોધવામાં આવેલા છે.

(૨) આ કામના કામદાને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ મદદનીશ શ્રમ આયુકતની કચેરી, સુરત સમક્ષ તે અંગેનો ઔદ્યોગિક વિવાદ ઉત્પન્ન કરેલ પરંતુ ત્યાં આગળ સદરહુ વિવાદનું સમાધાન નહીં થતા ઔદ્યોગિક વિવાદ ધારો–૧૯૪૭ની કલમ–૧૦(૧)મુજબ મદદનીશ શ્રમ આયુકતની કચેરી, સુરતે તેઓના પત્ર ક્રમાંક નંબર **૧૧૧૩૮/૨૦૨૨ તારીખ :૦૭–૧૨–૨૦૨૨** ધ્વારા અત્રે ની કોર્ટ અને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા સારુ સુપ્રત કરેલ છે. જેની અનુસૂચિ નીચે મુજબ છે.

**''શ્રી કૈલાશ શીવનારાયણ પટેલને પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?''**

(૩) આ કામમાં અરજદાર તરફથી **આંક–૪** થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે જેની મુખ્ય હકિકત નીચે મુજબની છે.

(૩.૧)જેમાં તેઓ જણાવે છે કે, આ કામના સામાવાળાના ૨૨,૨૩, માધવ ઈન્ડસ્ટ્રીયલ ઈસ્ટેટે, દેવાલ ગામ પંચાયતની પાછળ, સાયણ રોડ, તાલુકા–ઓલપાડ, જી.સુરત, ખાતે સુર્યમ ટેક્ષટાઈલમા અરજદાર કામદારે લુમસ, ભીમ પસાર તથા ફીનસીંગ અને ફીટીંગ કામદાર તરીકે ૧ વર્ષથી માસીક પગાર રૂા.૨૦,૦૦૦/– થી ઈમાનદારીપૂર્વક, ખંત પ્રમાણે કામ કરેલ.

(૩.૨) વધુમાં જણાવે છે કે, સામાવાળા સંસ્થામા તમામ મજુર કાયદાઓ લાગુ પડે તેમ છતાં સામાવાળા માલીકે કોઈપણ જાતના મજુર કાયદાઓ પાલન કરતા ન હતા કે અરજદારને કોઈ પણ મજુર કાયદા પ્રમાણે પ્રાથમિક લાભો જેવા કે હાજરી કાર્ડ, પગાર પત્ર, ઓળખ પત્ર, પી.એફના લાભો, ઓવર ટાઈમના નાણાઓ, હકક રજાના નાણાઓ કે વગેરે હકકો કે હકકોના નાણાઓ આપતા ન હતા. જે બાબતે તા.૦૩/૦૯/૨૦૨૨ ના રોજ સામાવાળાના માલીક શ્રી અશોકભાઈ શેઠને હકક તથા રોકી રાખેલા બાકી બે મહિનાના પગાર રૂા.૪૦,૦૦૦/– અને અન્ય હકકોના નાણાઓ અને બાકી પગારની

અરજદારે માંગણી કરતા તેઓ ઉસ્કેરાઈ જઈ અરજદારને ગાળો આપી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, લાફા મારી તેઓને ચાલુ કામ પરથી મૌખિક રીતે ગેરકાયદેસર કારખાનામાંથી બહાર કાઢી મુકેલ હતા. ત્યારબાદ અરજદાર બેકાર થઈ ગયેલ અને કામ વગર તેઓનુ ઘર ચલાવવા અને જીવન જીવવા મુશકેલીઓ ઉભી થઈ ગયેલ.

**(૩.૩)** વધુમાં જણાવે છે કે, અરજદારને તા.૦૩/૦૯/૨૦૨૨ ના રોજ છુટા કર્યા બાદ તેઓએ તા.૦૫/૦૯/૨૦૨૨ ના રોજ સામાવાળાને યુનિયન મારફતે નોટીસ આપેલી હતી તથા સામાવાળાના માલીક શ્રી અશોકભાઈ શેઠને અરજદારને તા.૦૩/૦૯/૨૦૨૨ ના રોજ ગેરકાયદેસર રીતે છુટા કરવાથી નામદાર મજુર મદદનિશ શ્રમ આયુકત શ્રી એસ.એસ.દુબે સાહેબશ્રીની સમક્ષ ઔધોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ ની કલમ-૧૦(૧) હેઠળ ન્યાય મેળવવા માટે અરજી કરેલ પરંતુ સામાવાળા માલીક કચેરીમાં હાજર પણ ન થયા હતા અને તા.૦૫/૦૯/૨૦૨૨ ના રોજ મોકલેલ નોટીસ અને અરજીનો કોઈ જવાબ કે સમાધાન પણ કરેલ ન હતુ. જે બાબતે નામદાર મદદનીશ કમિશનરે તા. ૦૧/૧૧/૨૦૨૨ ના રોજ છેલ્લી હુકમ કરી હુકમ નં.કેએચ/એચએસએમસી/એજે/આઈડીઆર/૨૦૫/૨૦૨૨ની કલમ પ્રમાણે નામદાર કોર્ટ સમક્ષ જરૂરી ન્યાયની નિર્ણય કરવા માટે મોકલેલ.

**(૩.૪)** વધુમાં જણાવે છે કે, નામદાર કોર્ટની નોટીસ ક્રમાંક ૧૧૨૯૦/૨૦૨૨ અને તા.૨૯/૧૨/૨૦૨૨ પ્રમાણે અરજદારને આપ સાહેબે આપેલ સુચના પ્રમાણે અરજદાર માંગણાના નિવેદન તા.૦૯/૦૧ /૨૦૨૩ સુધી રજુ કરવા આદેશ પ્રમાણે તેઓએ રજુ કરેલ છે. આમ, સામાવાળાએ અરજદારને તા.૦૩/૦૯/૨૦૨૨ ના રોજ ગેરકાયદેસર છુટા કરેલ હોવાથી અને આ કામના સામાવાળાના કશુરના કારણે અરજદાર કામ વગર બેકાર છે, જેથી તા.૦૩/૦૯/૨૦૨૨ ના રોજથી પડેલા દિવસોના પગાર સાથે મૂળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા , અરજદાર કામદાર હીતને ધ્યાને લઈ આ

કામના સામાવાળા સામે મહે.હુકમ કરવા દાદ માંગેલ છે.

(૪) સામાવાળા તરફે કોઈ હાજર થઈ જવાબ રજુ કરતા ન હોવાથી આંક– ૮ ના હુકમ તળે તેઓનો જવાબનો હકક બંધ કરેલ છે.

(૫) આ કામે અરજદાર તરફથી દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબના રજૂ થયેલ છે.

**::– દસ્તાવેજી પુરાવો –::**

| અનુ.નં. | વિગત | નિશાની/આંક |
|---|---|---|
| ૧ | પ્રથમ પક્ષકાર સામવાળા માલીકને સદર લેખિત માંગણાની નકલ તા.૧૦/૧/૨૦૨૩ ના રોજ પોસ્ટ મારફતે મોકલેલ તેની અસલ પાવતી | નિ.૭/૧ |
| ૨ | પ્રથમ પક્ષકાર સામાવાળા માલીકને સદર લેખિત માંગણાની નકલ તા.૧૦/૧/૨૦૨૩ ના રોજ પોસ્ટ મારફતે મોકલેલ તે લેવા ના પાડતા પરત આવેલ અસલ કવર | નિ.૭/૨ |

(૬) અરજદારનો વધુ પુરાવાનો હકક તા.૧૦/૭/૨૪ ના રોજ રોજકામમાં બંધ કરવામાં આવેલ છે.

(૭) સામાવાળા તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ ન કરતા સામાવાળા સંસ્થાનો તા.૨૧/૮/૨૪ ના રોજ રોજકામમાં પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૮) આ કામે અરજદાર તથા સામાવાળા તરફે કોઈ દલીલ કરતા ન હોવાથી તેઓનો દલીલનો હકક તા.૨૧/૮/૨૪ ના રોજ રોજકામમાં બંધ કરવામાં આવેલ છે.

(૯) ઉપરોકત ઔદ્યોગિક વિવાદના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ પડેલ પુરાવા અને પક્ષનિવેદન વંચાણે લેતા નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– :: મુ દદા ઓ::–**

૧) શું આ કામના અરજદારને સામાવાળાઓએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ છે?

૨) શું આ કામના અરજદાર પડેલ દિવસોના પગર સહિત નોકરીમાં પુન: સ્થાપિત થવાની દાદ કે અન્ય બીજી કોઈ દાદ મેળવવા મતદાન થાય છે?

૩) શું હુકમ?

**–::નિ ષ્ક ર્ષ::–**

૧) નકારમાં

૨) નકારમાં

૩) આખરી હુકમ મુજબ

**–::પરામર્શ::–**

**<u>મુદદા નંબર ૧ અને ૨ :–</u>**

**(૧૦)** આ કામે મુદા નં. ૧ અને ૨ ની હકકીતો એકબીજા સાથે પરસ્પર અતુટ રીતે સંકળાયેલી હોય બીન જરૂરી પુનરાવર્તન અટકાવવાના હેતુ સર બન્ને મુદા ની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

આ કામે અરજદાર કોઈ પણ દાદ મેળવવા હકકદાર છે તે સાબીત કરવા માટે પ્રથમ તેઓએ કામદાર હોવાનુ અને ત્યારબાદ સળંગ નોકરી કરેલ હોવાનું અને ત્યારબાદ તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકીકત પુરવાર કરવાની રહે છે.

**(૧૦.૧)** **<u>નામદાર સુપ્રિમ કોર્ટના સુરેન્દ્રનગર ડીસ્ટ્રીકટ પંચાયત વિ. ડાયાભાઈ અમરશી, એ.આઈ. આર. ૨૦૦૬, સુ.કો. પાના નં.૧૧૦</u>** માં ઠરાવ્યા પ્રમાણે સળંગ ૨૪૦ દિવસ છેલ્લા એક વર્ષના સમય ગાળામાં નોકરી કરેલાની હકીકત પુરવાર કરવાનો બોજો અરજદાર ઉપર રહેલ છે. તેમજ **<u>નામ.ગુજરાત હાઈકોર્ટના ૨૦૧૩ (૧) જી. એલ.આર. પાના નં. ૮૪૫, બીલીમોરા નગરપાલિકા વિ. જશુબેન જશવંતભાઈ સોલંકી</u>**ના ચુકાદામાં અન્ય ચુકાદાઓનો આધાર લઈ સળંગ નોકરીની હકીકત પુરવાર કરવાના બોજા

અંગે વિસ્તૃત રીતે ચર્ચા કરવામાં આવેલ છે. કામદાર ધ્વારા પોતે સળંગ નોકરી કરેલ છે તેવુ પુરવાર કરવામાં આવે ત્યારપછી તેનાથી વિરુધ્ધની હકીકત પુરવાર કરવાની જવાબદારી માલીક ઉપર તબદીલ થાય છે તેવુ આ ચુકાદામાં ઠરાવેલ છે.

**(૧૦.૨)** ઉપરોકત કાયદાકીય સિધ્ધાત ના પરીપ્રેક્ષ્ય માં પ્રસ્તૃત કેસના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો અરજદાર તરફે કોઈ મૌખિક પુરાવો રજુ કરવામા આવેલ નથી. તે જ રીતે કોઈ દસ્તાવેજી પુરાવો પણ રજુ કરવામા આવેલ નથી. આમ, પોતાની માંગણીના સમર્થનમાં મૌખિક કે લેખિત લેશમાત્ર પુરાવો રજુ કરેલ નથી. તેથી જણાય છે કે, અરજદારને આ રેફરન્સ આગળ ચલાવવામા રસ નથી. ઉત્તરોતર હકક બંધ કરવામા આવેલા છે. મદદનીશ શ્રમ આયુકત સમક્ષનુ રેકર્ડ વંચાણે લેતા પણ અરજદારની માંગણીને સમર્થન આપે તેવા પુરાવા રજુ કરેલ નથી. આમ, અરજદાર હાજર રહી પુરાવા રજુ કરવામા નિષ્ફળ રહેલ હોય, અરજદારની ગેરહાજરીના કારણોસર અને પુરાવાના અભાવે હાલનો રેફરન્સ ન્યાયોચિત જણાય છે.

## **: <u>હુકમ</u> :**

હાલનો રેફરન્સ અરજદારની ગેરહાજરીના કારણે અને પુરાવાના અભાવે રદ યાને ના–મંજુર કરવામા આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

તારીખ : ૦૩/૧૦/૨૦૨૪
**સુરત**

**(ઘનશ્યામ જયંતભાઈ થોરીયા )**
**પ્રિસાઈડીંગ ઓફિસર**
**મજૂર,અદાલત,**
**GJ00842**